**ક્રિમી.પરચુ.અરજ નં.૯૨/૨૦૧૮**

**આંક–૧ લગત હુકમ** ::–

(૧) અરજદાર નરેશભાઈ જેઠાભાઈ નાયકા ઉ.વ.૨૫ ધંધો.ખેતી રહે. લખણાગોજીયા,ઈટવાલ ફળીયા, તા.ધાનપુર,જી.દાહોદનાઓએ અરજી કરી તેમના માલીકી કબજા ભોગવટાની માલીકીની હિરો હોન્ડા મોટર્સ લીમીટેડ, પેસન પ્રો મોટર સાયકલ કે જેનો આર.ટી.ઓ.રજીસ્ટ્રેશન નં. જી.જે.૦૭.બી.ઈ.૩૬૨૨ તથા ચેસીસ નંબર એમબીએલએસએ૧૦એએસએજીજે૫૯૨૦૨ તથા એન્જીન નંબર–એચએ૧૦ઈડીએજીજે ૫૮૧૨૧ કે જે સાગટાળા પો.સ્ટે.સેકન્ડ ગુ.ર.નં.૦૮/૧૮ એમ.વી.એકટ કલમ. ૧૮૫ મુજબના ગુનાના કામે પોલીસે કબજે કરેલ હોઈ પરત મેળવવા હાલની અરજ કરેલ છે. સદર વાહન તેઓની માલીકી કબજા ભોગવટાનુ છે, મુદ્દામાલ વાહન અરજદારનુ રોજબરોજના કામ માટેનુ ઉપયોગી સાધન છે અને સદર વાહન જો લાંબો સમય પો. સ્ટે.માં પડી રહે તો તેને નુકશાન થવા સંભવ હોઈ અરજીમાં જણાવેલ વિવિધ કારણોસર યોગ્ય શરતોએ પરત કરવા હાલની અરજ કરેલ છે. અરજદારે તેની અરજીના સમર્થનમાં મુદ્દામાલ વાહનની આર.સી.બુકની ઝેરોક્ષ નકલ વીમા પોલીસીની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે.

(૨) અરજદારની અરજીના અનુસંધાને ત.ક. અધિકારીનો અભિપ્રાય મંગાવવામાં આવેલ છે.

(૩) ત.ક.અધિકારીનો અભિપ્રાય વંચાણે લેતા કબજે કરવામાં આવેલ મુદ્દામાલ વાહન સંબંધે મુદ્દામાલ વાહન અરજદારને પરત ન સોપવા હુકમ કરવા અભિપ્રાય આપેલ છે.

અરજદારે મુદ્દામાલ હિરો હોન્ડા મોટર્સ લીમીટેડ, પેસન પ્રો મોટર સાયકલ કે જેનો આર.ટી.ઓ.રજીસ્ટ્રેશન નં. જી.જે.૦૭.બી.ઈ.૩૬૨૨ તથા ચેસીસ નંબર એમબીએલએસએ૧ ૦એએસએજીજે૫૯૨૦૨ તથા એન્જીન નંબર– એચએ૧૦ઈડીએજીજે ૫૮૧૨૧ પોતાની માલીકીની હોવા સંબંધે આર.સી.બુકની ઝેરોક્ષ નકલ, વીમા પોલીસીની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે જે વંચાણે લેતાં મુદ્દામાલનુ વાહન આ કામના અરજદાર હોવાનુ સ્પષ્ટ પણે જણાઈ આવે છે.

ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતાં હાલના અરજદાર મુદ્દામાલ વાહનના માલીક કબજેદાર હોવાનુ પ્રથમ દૃષ્ટિએ જણાઈ આવે છે. મુદ્દામાલ વાહન અરજદારના રોજબરોજના કામ માટેનુ ઉપયોગી સાધન છે, હાલના કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ વાહન એ મશીનરી આર્ટીકલ હોઈ લાંબો સમય પો.સ્ટે.માં ખુલ્લામાં પડી રહે તો તેના સ્પેરપાર્ટસને નુકશાન થવા સંભવ હોઈ તથા આ કામના આરોપી વિરૂઘ્ધ ઈન્સાફી કાર્યવાહી પુરી થાય તેમાં ઘણો લાંબો સમય વિતે તેમ હોઈ, તેને નુકશાન થવા સંભવ છે તે સંજોગોમાં ત.ક.અધિકારીશ્રીનો અભિપ્રાય તથા વિ.એ.પી.પી.શ્રીએ અરજદારની અરજી લગત કરેલ શેરો ધ્યાને લેતા એ.આઈ.આર. ૨૦૦૪ એસ.સી.પેજ નં.૬૩૮ ઉપર મા.ન્યાયમૂર્તિ શ્રી એમ.બી.શાહ સાહેબ તથા મા.ન્યાયમૂર્તિ શ્રી ડી.એમ.ઘર્માધિકારી સાહેબે આપેલ ચૂકાદાના પેરા–૧૩માં મુદ્દામાલ વાહન અંગેની ચર્ચા કરતાં પેરા–૧૬માં સ્પષ્ટ તારણ આપેલ છે કે જયારે આવા વાહનનો કોઈ કલેઈમ કરવામાં આવતો ન હોય ત્યારે જો આરોપી તરફથી કોઈ કલેઈમ ન હોય ત્યારે તેના માલીકને અને માલીક અગર ઈન્સ્યોરન્સ કંપની કે કોઈ ત્રાહીત ઈસમ હકક ધરાવતા ન હોય તો ઓકશન કરવુ જોઈએ, પરંન્તુ જો માલીક કલેઈમન્ટ તરીકે આવતાં હોય તો આવી અરજીનો નિકાલ ૧૫ દિવસથી એક માસમાં કરી માલીકને જરુરી બોન્ડ અને ગેરંન્ટી લઈ વાહન જરુર પડે રજુ કરવાની શરતે સોપવુ જોઈએ જે ચુકાદાના સિઘ્ધાંતો ધ્યાને લેતાં નીચેની શરતોએ હાલના અરજદારને આ કામની ઈન્સાફી કાર્યવાહી

પૂર્ણ થાય ત્યાં સુધી વચગાળાની કસ્ટડી તરીકે પરત સોંપવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે. જેથી નીચે મુજબ હુકમ ફરમાવવામાં આવે છે:–

**–:: હુ ક મ ::–**

– અરજદારની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

– સાગટાળા પો.સ્ટે.સેકન્ડ ગુ.ર.નં.૦૮/૧૮ એમ.વી.એકટ કલમ. ૧૮૫ મુજબના ગુનાના કામે કબજે કરવામાં આવેલ હિરો હોન્ડા મોટર્સ લીમીટેડ, પેસન પ્રો મોટર સાયકલ કે જેનો આર.ટી.ઓ.રજીસ્ટ્રેશન નં. જી.જે.૦૭.બી.ઈ.૩૬૨૨ તથા ચેસીસ નંબર એમબીએલએસએ૧૦એએસએજીજેપ૯૨૦૨ તથા એન્જીન નંબર–એચએ૧૦ઈડીએજીજે ૫૮૧૨૧ ની આ કામના અરજદાર:– નરેશભાઈ જેઠાભાઈ નાયકા ઉ.વ.૨૫ ધંધો.ખેતી રહે. લખણાગોજીયા,ઈંટવાલ ફળીયા, તા.ધાનપુર, જી.દાહોદને મુદ્દામાલ વાહનની કિંમતના દોઢી રકમના જામીન તથા તેટલી જ રકમના બોન્ડ રજુ કરેથી નીચેની શરતોએ સદર કેસના આખરી નિકાલ થતા સુધી વચગાળાની કસ્ટડી તરીકે પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**–:: શ ર તો ::–**

(૧) અરજદારે સદર મુદ્દામાલ ના.કોર્ટ જયારે અને જયાં રજુ કરવાનુ ફરમાન કરે ત્યારે અને ત્યાં રજુ કરવાનો રહેશે.

(૨) આ કામની ઈન્સાફી કાર્યવાહી પૂર્ણ થતાં સુધી અરજદારે મુદ્દામાલ વાહનની માલીકી સંબંધે કોઈ ફેરફાર કરવો–કરાવવો નહી.

(૩) અરજદારે જામીન તથા બોન્ડ પો.સ્ટે.માં રજુ કરવાના રહેશે.

હુકમની યાદી સાગટાળા પોલીસ સ્ટેશનના સદર ગુનાના તપાસ અધીકારીને કરવી.

હુકમ આજરોજ તા.૨૮ મી માહે –જુન– સને–૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં સહી કરી વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૨૮/૦૬/૨૦૧૮
સ્થળ : દેવગઢ બારીયા.

(જી.સી.વાઘેલા)
જયુ.મેજી.ફર્સ્ટ કલાસ,
દેવગઢ બારીયા
કોડ નં. જી.જે.૦૧૩૭૩